# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM RAJKOT

આદ્યશક્તિની આરાધનાના પર્વ નવરાત્રી પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટમાં રાજ્યવ્યાપી 136 'ગ્રામ હાટ'નું લોકાર્પણ તથા વિવિધ મહિલાલક્ષી યોજનાઓનો ભવ્ય શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીના 'મહિલા નેતૃત્વ હેઠળ વિકાસ 'ના દ્રષ્ટિકોણને દોહરાવતા જણાવ્યું હતું કે રાજ્યમાં અત્યાર સુધીમાં 8.5 લાખથી વધુ બહેનો 'લખપતિ દીદી' બની ચૂકી છે. રાજ્યમાં મહિલાઓ માટે અનેકવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી છે.

**(BYTE: BHUPENDRA PATEL, CM)**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિચરતી અને વિમુક્ત જાતિના 139 પરિવારોને રહેણાંક માટે મફત પ્લોટની સનદ મુખ્યમંત્રી એ એનાયત કરી હતી. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી, કુંવરજી બાવળિયા, સાંસદ પરષોત્તમ રૂપાલા સહિત અનેક ધારાસભ્યો અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# DAMAN-GANGA LIFT IRRIGATION SCHEME

રાજ્ય સરકારે દક્ષિણ ગુજરાતના દુર્ગમ અને પહાડી વિસ્તારમાં પાણીની અછત દૂર કરવા માટે 1 હજાર 331 કરોડ રૂપિયાની દમણ-ગંગા લિફ્ટ સિંચાઈ યોજનાને મંજૂરી આપી છે.

આ યોજના હેઠળ મધુબન જળાશયમાંથી ઉપલબ્ધ વધારાનું પાણી પડકારજનક અને પહાડી વિસ્તાર સુંધી પમ્પિંગ કરીને વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર તાલુકાનાં 17 હજાર હેક્ટર ખેતીલાયક વિસ્તારને સિંચાઈનો લાભ આપવામાં આવશે.

# AGNEEVER – POLICE RECRUITMENT

માજી અગ્નિવીરો માટે ગુજરાત સરકારે મહત્વની જાહેરાત કરી છે. ગુજરાત પોલીસ ભરતીમાં માજી અગ્નિવીરો માટે 20 ટકા જગ્યાઓ અનામત રહેશે, તેમજ લેખિત તથા શારીરિક પરીક્ષામાંથી મુક્તિ અને વયમર્યાદામાં 5 વર્ષની છૂટ આપવામાં આવી છે.

# DANG ACCIDENT

ડાંગ જિલ્લાના આહવા-વઘઈ રોડ પર આજે વહેલી સવારે થયેલા માર્ગ અકસ્માતમાં નાયબ મામલતદાર સહિત બે વ્યક્તિ ઓના મોત નીપજ્યા હતા. કાર રેલિંગ તોડીને ખાપરી નદીમાં 35 ફૂટ નીચે ખાબકી હતી અને કારમાં સવાર નાયબ મામલતદાર સહિત અન્ય એકનું મોત જયારે એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થયો હતો. જ્યારે એક વ્યક્તિનો આબાદ બચાવ થયો છે.

જ્યારે જામનગરની નૂર ચોકડી વિસ્તારમાં ગતરાત્રે થયેલા અકસ્માતમાં એક યુવકનું મોત જ્યારે ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. થારની ટક્કરથી કાર બસ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.

# VALSAD SCHOOL AWARD

વલસાડની બી. આર. ઇન્ટરનેશનલ સ્કૂલને રાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યું છે. મુંબઈમાં યોજાયેલા ‘સ્ટાર એજ્યુકેશન એવોર્ડ - 2026’ સમારંભમાં શાળાને ‘બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર’નો એવોર્ડ અપાયો છે . શાળા સંચાલક મંડળ , પ્રિન્સિપાલ અને શિક્ષકગણે ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે , આ એવોર્ડ સમગ્ર ટીમની મહેનતનું પરિણામ છે.

# UNJHA MARKETYARD – JEERA AVAK

રાજ્યના સૌથી મોટા ઊંઝા માર્કેટયાડમાં રાજસ્થાન અને કાઠિયાવાડના વિસ્તારોમાંથી જીરાની સારી આવક થઇ રહી છે. જીરાની 12 હજાર બોરીની આવક નોંધાઈ હતી. જેનો ભાવ રૂપિયા 4 હજારથી 4 હજાર 500 સુધીનો રહ્યો હતો.

જયારે અજમાની આવક પણ 300 બોરી નોંધાઈ હતી. જેનો મણનો ભાવ રૂપિયા બે હજાર 800થી 3 હજાર 500 સુધીનો રહ્યો હતો.

# AKAND JYOT

યાત્રાધામ પાવાગઢમાં આસોમાસની નવરાત્રી અગાઉ અખંડ જ્યોત લેવા માટે ભક્તો ઉમટી પડ્યાં છે. મહાકાળી માતાજીના દર્શન અને અખંડ જ્યોત પોતાના ઘરે લઈ જવાની પરંપરાને પગલે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી એક લાખથી વધુ શ્રદ્ધાળુઓ પાવાગઢ યાત્રાધામે ઉમટી પડ્યાં છે.

# NAVRATRI VYAVASTHA

રાજ્યમાં આવતીકાલથી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યના 22 હજારથી વધુ ગરબા સ્થળોએ પોલીસની ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ભીડભાડવાળા માર્ગો, શોપિંગ ઝોન અને પાર્ટી પ્લોટ્સમાં સાદા કપડાં તેમજ યુનિફોર્મમાં તૈનાત મહિલા પોલીસ ઉપરાંત ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબા ગ્રાઉન્ડમાં સજ્જ મહિલા પોલીસકર્મીઓની 'શી-ટીમ' ખેલૈયાઓના વેશમાં આવીને સતત દેખરેખ રાખશે.

તહેવારો દરમિયાન ડિજિટલ માધ્યમો દ્વારા દેવી-દેવતાઓ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી , બિભત્સ સામગ્રી કે ધાર્મિક લાગણી દુભાવતા વિડીયો-ઓડિયો વાયરલ કરનારા અસામાજિક તત્વો પર આધુનિક ટૂલ્સ દ્વારા 24 કલાક મોનિટરિંગ રાખી અફવા ફેલાવનાર સામે આઈ.ટી. એક્ટની કડક કલમ હેઠળ તાત્કાલિક ફરિયાદ નોંધી ધરપકડ કરવામાં આવશે.